# સેક્ટરોમાં લાઉડસ્પીકર વગાડી વિવિધ ચીજવસ્તુઓનુ વેચાણ કરતા ફેરીયા વધ્યા

### ચાદર, ખુરશી, ખાટલાથી લઈને ઘરવખરીની વિવિધ ચીજવસ્તુઓનુ વેચાણ લાઉડસ્પીકર વગાડીને કરતા ફેરીયાઓ કોરોનાકાળમાં વધ્યા : વેપાર-ધંધાનો નવો તરીકો અજમાવતા ફેરીયાઓ

ગાંધીનગર, તા. ૧૮

વહેલી સવારે હજુ તો ઉંઘમાંથી જાગ્યા હોઈએ ત્યાં જોર જોરથી વાગતુ લાઉડસ્પીકર ઉંઘ બગાડે છે. એવુ લાગે કે કોઈ સરઘસ નીકળ્યુ હોય પરંતુ વિવિધ ચીજવસ્તુઓ વેચતા ફેરીયાઓએ વેપાર ધંધો વધારવા નવો તરીકો અપનાવ્યો છે. કોરોનાકાળ બાદ આવા ફેરીયાઓ વધ્યા છે.

ગાંધીનગરમાં આજકાલ માર્કેટીંગની નવી તરાહ અપનાવતા ફેરીયાઓ વધ્યા છે. લોડીંગ રીક્ષામાં વિવિધ ચીજવસ્તુઓ લેઈને આવતા આ ફેરીયાઓ લાઉડસ્પીકરમાં જોર જોરથી ગીતો વગાડે છે. હિન્દી ફિલ્મોના ગીતો મોટા અવાજે વગાડીને વસાહતીઓનું ધ્યાન ખેંચવામાં આવે છે. ત્યારબાદ વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે. વહેલી સવારે ૭ થી ૧૦ ની વચ્ચે જ આ ફેરીયાઓની અવરજવર વધુ રહે છે. વિવિધ સેક્ટરોમાં તેઓ ફરે છે. ચાદરો, તકીયાના કવર, ચોરસા, પડદા, પ્લાસ્ટીકની ખુરશીઓ, ખાટલા, સહિતની ઘર વખરીની વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ આવા ફેરીયાઓ કરે છે. માર્કેટીંગની નવી તરાહથી વ્યાજબી ભાવે તેઓ વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ કરતા હોવાથી ઘરાકી પણ સારી રહે છે. નોંધપાત્ર બાબત એ છે કે કોરોના કાળ બાદ આવા ફેરીયાઓની સંખ્યા વધી છે. લાઉડસ્પીકર વગાડીને વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ કરતા આ ફેરીયાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. માર્કેટીંગની નવી તરાહથી વસાહતીઓ આકર્ષાય છે. જો કે વહેલી સવારે મોટા અવાજે વાગતા લાઉડસ્પીકરને કારણે કેટલાક વસાહતીઓ ઉંઘ બગડતી હોવાની ફરીયાદ પણ કરે છે. શાંત વાતાવરણમાં રહેવા ટેવાયેલા વસાહતીઓને આવો ઘોંઘાટ પસંદ નથી. તહેવારોની સિઝન નજીક આવી છે ત્યારે આવા ફેરીયાઓની સંખ્યા પણ વધી છે.

# વૃક્ષો કાપવા સામે શહેરના પ્રકૃતિપ્રેમીઓમાં આક્રોશ

### શહેરના જીસીસી ગૃપે આ કાર્યવાહી મનપાની ''ઘરે ઘરે ઓક્સિજન પાઈપલાઈન યોજના''નો ભાગ ગણાવતો કટાક્ષ કરી રોષ વ્યક્ત કર્યો : વિવિધ પ્લેટફોર્મ પર શહેરના નાગરિકો નારાજગી વ્યક્ત કરી રહ્યા છે



ગાંધીનગર તા.૧૮

ગાંધીનગરના સેક્ટર-૨૨ ખાતે ઘટાદાર ફળાઉ વૃક્ષોને કાપવાની ઘટનાને પગલે સોશિયલ મિડીયામાં પ્રકૃતિપ્રેમીઓનો આક્રોશ ફાટી નીકળ્યો છે, સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર શહેરના પ્રકૃતિપ્રેમીઓ આ અંગે પોતાનો રોષ વિવિધ રીતે વ્યક્ત કરી રહ્યાં છે જેમાં શહેરના એક જાણીતા જુથે વૃક્ષો કાપવાની આ ઘટના પર કટાક્ષ કરતાં તેને ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી સમયમાં 'ઘરે ઘરે ઑક્સિજન પાઈપલાઈન યોજના' આવશે જેનો ઘટાદાર વૃક્ષો કટીંગની ઘટના એક ભાગ ગણાવ્યો છે તો કોઈક તંત્રને વિશ્વાસઘાતી ગણાવી રહ્યું છે.

શહેરમાં વિવિધ વિકાસ કાર્યોને પગલે છેલ્લા કેટલાક સમયથી વૃક્ષોનું આડેધડ નિકંદન કાઢવામાં આવી રહ્યું છે જે બાબતે પ્રકૃતિપ્રેમીઓ સતત પોતાનો વિરોધ અને રોષ પ્રગટ કરતા આવ્યા છે. સેક્ટર-૨૨ ખાતે અગાઉ આંતરિક માર્ગોને પહોળા કરવાના કામ માટે અસંખ્ય વૃક્ષો કાપવાની તંત્રની હિલચાલ સામે પ્રકૃતિ રક્ષા અભિયાનના નેજાં હેઠળ શહેરના પર્યાવરણ પ્રેમી નાગરિકોએ સજ્જડ વિરોધ કર્યો હતો જેના પગલે તંત્રએ વૃક્ષોની કાપણી માટે ફરી મોજણી કરવી પડી હતી અને વૃક્ષો કાપવાની નિયત સંખ્યા ઘટાડવી પડી હતી. આ સમયે તંત્ર દ્વારા ફળાઉ અને ઘટાદાર વૃક્ષોની નડતરરૂપ હોવા છતાં કાપવામાં નહી આવે તેવી બાહેધરી આપી હોવાનું વિવિધ માધ્યમોમાં પ્રકાશિત થયું હતું પરંતુ ફરી એકવાર સેક્ટર-૨૨માં વર્ષો જુના ઘટાદાર આંબા સાથે ફળાઉ વૃક્ષોને કાપવાનું શરૂ કરી દેવામાં આવતાં પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે રોષની લાગણી પ્રસરવા પામી છે. પ્રકૃતિ પ્રેમીઓ પોતાના રોષ વિવિધ કટાક્ષો સાથે રોષને સોશિયલ મીડિયામાં ઠાલવી રહ્યા છે જેમાં શહેરના જાણીતા પ્રકૃતિપ્રેમી ગ્રુપ 'ગાંધીનગર ચમકાવવું છે' દ્વારા ફળાઉ ઘટાદાર વૃક્ષોને કાપવાની ઘટનાને મહાનગરપાલિકા દ્વારા નગરજનો માટે આગામી સમયમાં ઘરે ઘરે ઑક્સિજન પાઈપ લાઈનની યોજના નો ભાગ ગણાવી આડકતરી રીતે આક્રોશ વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત સોશ્યલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર અસંખ્ય પોસ્ટ વૃક્ષોના નિકંદન નો વિરોધ કરતી જોવા મળી રહી છે જેમાં શહેરના પર્યાવરણપ્રેમી નાગરિકો વર્ષો જૂના વૃક્ષોને ઉછેરમાં લાગેલા સમયથી માંડીને તેના થકી મળતા પર્યાવરણીય ફાયદાઓનો હવાલો આપી વૃક્ષો કાપવાની ઘટના પ્રત્યે પોતાની નારાજગી અને દુઃખ વ્યક્ત કરી રહ્યાં છે

## કોંગ્રેસ દ્વારા જિલ્લામાં આજથી કોવિડ ન્યાય યાત્રા યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા આજથી તાલુકા પંચાયતની સીટ દીઠ કોવિડ-૧૯ ન્યાય યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હોવાનું જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યુ છે.

આજે તેમણે પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન જણાવ્યુ હતુ કે આ યાત્રા આગામી બે માસ સુધી ચાલશે. કોવિડમાં મૃત્યુ પામાનર દર્દીના પરિવારોને યાત્રી મળશે તેમજ આ માટે ન્યાયની માંગણી કરતો પત્ર મેળવશે.

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીના આદેશ અનુસાર પાયાના પ્રોજેકટ તરીકે સમગ્ર ગુજરાતમાં આગામી બે મહિના સુધી ''કોવિડ ૧૯ ન્યાય યાત્રા''નું આયોજન કરવામાં આવ્યું છે. જે અનુસંધાને ગાંધીનગર જીલ્લામાં જિલ્લા પંચાયત સીટવાર ''કોવિડ ૧૯ ન્યાય યાત્રા'' યોજીને કોવિડ મૃતકોને (૧) રૂપિયા ચાર લાખની રોકડ સહાય, (૨) કોવિડ દર્દીઓના મેડિકલ બિલની રકમની ચુકવણી,(૩) સરકારીતંત્રની ઘોર નિષ્ફળતાની ન્યાયીક તપાસ, (૪) કોવિડથી મૃત્યુ પામેલ સરકારી કર્મચારીના સંતાન-પરીવારજનને કાયમી નોકરી આપવા સહીતની ચાર માંગણીઓનું 'ન્યાય પત્ર' આજરોજ કોંગ્રેસ પક્ષ ઘોષિત કરી રહ્યો છે.

જેમાં જિલ્લા પંચાયત બેઠક વાર ન્યાયયાત્રા યોજીને પ્રત્યેક કોંગ્રેસજન યાત્રામાં જોડાય અને પક્ષની પ્રજા પ્રત્યેની જવાબદારીનું નિષ્ઠાપૂર્વક નિભાવે તેવી હાકલ જિલ્લા પ્રમુખે કરી હતી. બેઠક કોવિડ-૧૯ ન્યાયયાત્રા યોજવા અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. સદર બેઠકમાં ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, ડો.સી.જે. ચાવડા, જિલ્લા પ્રભારી મહેન્દ્રસિંહ બારિયા, વંદનાબેન પટેલ, નિશિત વ્યાસ, કામિનીબા રાઠોડ, મંદાકિનીબેન પટેલ, રશ્મિજી ઠાકોર, અરવિંદસિંહ સોલંકી, તાલુકા પ્રમુખો,ચૂંટાયેલા સદસ્યો, સંગઠનના હોદ્દેદારો, વિવિધ પાંખ, સેલ વિભાગના પદાધિકારીઓ સહિત અનેક આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેર-જિલ્લો કોરોનામુક્ત થયા

### છેલ્લા દસ દિવસથી એક પણ નવો કેસ નથી નોંધાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેર અને જિલ્લો કોરોનામુક્ત બની ગયો છે. શહેર અને જિલ્લામાં કોરોનાનો છેલ્લા દસ દિવસથી એક પણ કેસ નોંધાયો નથી. જો કે રાજ્ય સરકારે હજુ વિધિવત ઘોષણા આ અંગે કરી નથી.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં આજે એક પણ દર્દી સારવાર હેઠળ નથી. જિલ્લામાં રિકવરી રેટ ૯૫ ટકાથી વધુ નોંધાયો છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૯૬૬૨ લોકો કોરોનામુક્ત થયા છે. ગ્રામ્ય વિસ્તારમાં હવે કોઈ વ્યક્તી હોમ ક્વોરોન્ટાઈન પણ નથી.

શહેરમાં પણ છેલ્લા દસ દિવસથી એક પણ નવો કેસ નોંધાયો નથી. આમ શહેર-જિલ્લામાં કોરોનાના કેસો ન હોવાથી તંત્રએ તેનુ સંપૂર્ણ ધ્યાન વેક્સિનેશન અભિયાન પર કેન્દ્રિત કર્યુ છે.

જિલ્લામાં ૧૧૬ ગામોમાં ૧૦૦ ટકા લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. આજે બુધવારે ચાલતા દિવસ દરમ્યાન સેકન્ડ ડોઝના વેક્સિનેશન માટેનું અભિયાન યોજવામાં આવ્યુ હતુ અને ૩૧૦૦ થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

# ગાંધીનગરમાં ટુ-વ્હીલર વાહનો માટે નવી સીરીઝની હરાજી પહેલીથી શરૂ થશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરી ખાતે ટુ-વ્હીલર વાહનો માટે નવી સીરીઝ GJ-18-DM-0001 થી ૯૯૯૯ ના પસંદગીના નંબરો મેળવવા ઓનલાઈન ઓકશનની પ્રક્રિયા આગામી તા.૧ સપ્ટેમ્બર-૨૦૨૧થી શરૂ થશે.

ઈ-ઓકશનની પ્રક્રિયામાં ઓનલાઈન અરજી તા. ૧-૯-૨૦૨૧ થી તા. ૪-૯-૨૦૨૧ સુધી કરી શકાશે. ઈ-ઓકશનની પ્રક્રિયામાં તા. ૫-૯-૨૦૨૧ થી તા. ૭-૯-૨૦૨૧ના રાત્રિના ૧૨ કલાક સુધી બિડિંગ કરી શકાશે.

આ ઈ-ઓકશનમાં ભાગ લેવા ઈચ્છુક અરજદારો વધુ માહિતી વેબસાઈટ www.parivahan.gov.in પરથી મેળવી શકશે. અરજદારોએ હરાજીની બિડિંગ પ્રક્રિયા દરમિયાન વખતો-વખત રૂપિયા ૧,૦૦૦ના ગુણાંકમાં વધારો કરવાનો રહેશે. ટુ તથા ફોર વ્હીલર માટે સિલ્વર તથા ગોલ્ડન નંબર માટે અરજદારોએ જરૂરી બેઈઝ પ્રાઈસ ચુકવવાની રહેશે.

આ હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારોએ બાકીના નાણાં પાંચ દિવસમાં ભરપાઈ કરવાના રહેશે.

## નભોઈ કેનાલ પર આઈસરની ટક્કરે બાઈક પર સવાર યુવતિનું મૃત્યુ



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર નભોઈ કેનાલ પર બપોરના સુમારે આઈસર ની ટક્કરે બાઈક પર પસાર યુવતિનું ગંભીર ઈજાને પગલે સ્થળ પર જ મૃત્યુ થયું હતું. જયારે બાઈક ચાલક સહકર્મચારીને શરીરે ઈજા થઈ હતી. જયારે બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે આઈસર ટ્રક ચાલક સામે ફરીયાદ નોંધી તેને પકડીપાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ નરોડા ખાતે પરિવાર સાથે રહેતા હીરાભાઈ મોહનભાઈ બાધરેચા કર્મકાંડનો વ્યવસાય કરે છે. જયારે તેમની દિકરી નરોડા જીઆઈડીસી ખાતે ખાનગી કંપનીમાં ફરજ બજાવે છે. આજે લતા તેના સહ કર્મચારી સાથે બાઈક પર ગાંધીનગર તરફ આવી રહ્યા હતા.તે સમયે નભોઈ કેનાલ પર આઈસર ટ્રકના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા બાઈકને પાછળથી ટક્કર મારી હતી. જેથી બાઈક પર સવાર બંન્ને નીચે પટકાયા હતા.જયારે માર્ગ પર પટકાતા અને ટ્રકની અડફેટે ઈજા પહોચેલી યુવતિનું સ્થળ પર જ મૃત્યું નિપજયુ હતું. અકસ્માતને પગલે મોટીસંખ્યામાં વાહનચાલકો એકઠા થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે મોકલી આપવામાં આવ્યો હતો.જયારે બનાવની જાણ થતા ઈન્ફોસીટી પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી ટ્રક ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# રાત્રિના છાંટણા બાદ દિવસે વાદળિયુ વાતાવરણ

### વરસાદ અદ્રશ્ય : અષાઢમાં ગાજયા મેઘ વરસ્યા નહી અને શ્રાવણના સરવરિયા પણ સુન્ન : શહેરમાં માત્ર ૩ મી મી વરસાદ : ગરમીનો પારો ૨ ડીગ્રી નીચે ઉતર્યો



ગાંધીનગર તા ૧૮

શહેરમાં ગઈકાલે રાત્રિના સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને સુસવાટા મારતા પવન સાથે વરસાદી છાંટણા થતા મેઘરાજા ધોધમાર વરસશે તેવી આશ બંધાઈ હતી પરંતુ પલવારમાં જ વરસાદ ગાયબ થઈ ગયો હતો. વરસાદી વાયરાથી વાતાવરણમાં થોડીવાર માટે ઠંડક પ્રસરી હતી. અષાઢ કોરો ગયા બાદ શ્રાવણના સરવરિયા પણ ભીંજવતા નથી.

અષાઢમાં ગાજયા મેઘ વરસ્યા નહી.. જયારે હાલ શ્રાવણમાં પણ સરવરિયા વરસતા નથી છેલ્લા ઘણાં સમયથી વરસાદ અદ્રશ્ય છે. શહેરમાં સિઝનનો માંડ સાડા પાંચ ઈંચ જેટલો વરસાદ થયો છે. ગત મહીના દરમિયાન રોજબરોજ આકાશમાં વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે વરસાદની આશ મંડરાતી હતી પરંતુ અષાઢના અંતે શ્રાવણની શરૂઆતમાં પણ મેઘરાજાનો મિજાજ બદલાયો નથી જેથી છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ઉકળાટ વચ્ચે દિવસનો તાપ પણ આકરો બન્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# લાંચ કેસમાં નિપુણ ચોકસીની જામીન અરજી કોર્ટે નામંજુર કરી

### સર્વ શિક્ષા અભિયાનના સ્ટેટ પ્રોજેક્ટ વર્ગ-૨ તરીકે ફરજ બજાવતા નિપુણ ચોકસી લાંચ લેતા એ સી બી ના છટકામાં રંગેહાથ ઝડપાયા હતા

ગાંધીનગર તા ૧૮

સર્વ શિક્ષા અભિયાનના સ્ટેટ પ્રોજેકટ ઈજનેર વર્ગ-૨ તરીકે ફરજ બજાવતા નિપુણ ચોકસી અગાઉ એ સી બીના હાથે લાંચ લેતા રંગેહાથ ઝડપાયા હતા આ કેસ સંદર્ભે ગાંધીનગર ડિસ્ટ્રીકટ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજુર કરવાનો આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ફરિયાદી પટેલ ફાઉન્ડેશનના માલિક સુધીર પટેલના વતી સબ કોન્ટ્રાકટર તરીકે સરકારી બાંધકામનુ કામ કરે છે. વર્ષ ૨૦૧૯ના વર્ષમાં શંખેશ્વર ગામમાં કુમાર શાળાની કન્યા છાત્રાલય તેમજ સમી ખાતે કુમાર છાત્રાલયના બાંધકામના આ કામ સંબંધિત બીલ અન્વયે સર્વ શિક્ષા અભિયાન ના સ્ટેટ પ્રોજેકટ ઈજનેર વર્ગ- ૨ તરીકે ફરજ બજાવતા આરોપી નિપુણ ચોકસીએ ચેક કરી બીલ મંજુર કરવાના થતા હતા. જે બીલોની રકમના ૧.૨૫ ટકા લેખે આરોપીએ લાંચના ૧.૨૧ લાખ



રૂપિયાની માંગણી કરી હતી જયારે આ રકમ સ્વીકારતા એ સી બી ની ટ્રેપ દરમિયાન આરોપી રંગેહાથ ઝડપાઈ ગયો હતો. ત્યારબાદ એ સી બી દ્વારા આરોપીના ઘરની જડતી દરમિયાન તેમના ઘરેથી ૪,૧૨ ,૨૦૫, રોકડા તથા ૩,૭૭૪૦૦ ના સોના ચાંદીના દાગીના મળી આવ્યા હતા. તેમજ આરોપીના ગાંધીનગર નાગરિક કો ઓપ બેંક મીના બજાર શાખાના એક લોકરમાંથી રોકડ ૭૪ ,૫૦,૦૦૦ તેમજ તે જ બેંકના ઘ-૨ બ્રાન્ચના લોકરમાંથી ૧, ૫૨,૭૫,૦૦૦ એમ કુલ મળીને ૨.૨૭ કરોડ રોકડ મળી આવ્યા હતા તેમજ આરોપીના સે-૧૬ કેનેરા બેંકના લોકરમાંથી ૧૪.૫૮ લાખના સોના ચાંદીના દાગીના મળી આવ્યા હતા.આ કેસ અન્વેય ગાંધીનગરની પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ અનો સેસન્સ જજ એન સી રાવલની કોર્ટમાં ચાલી જતા એ સી બી તરફે સરકારી વકીલ તરીકે જીજ્ઞેશ જોષીએ આરોપીની જામીન અરજી નામંજુર કરવા માટે રજુઆત કરી હતી. કોર્ટે આ જામીન અરજી નામંજુર કરવાનો આદેશ કર્યો છે.

## બેસણું



અમારા પૂજનીયશ્રી **સ્વ. કાન્તિલાલ ત્ર્મ્બકલાલ ત્રિવેદી**નું તા. ૧૭/૮/૨૦૨૧ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૯/૮/૨૦૨૧ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨** દરમિયાન રાખેલ છે.

**સ્થળ : સિદ્ધરાજ ઝોલ્ડ, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર**

ગં.સ્વ. ભદ્રશીલાબેન કાંતિલાલ ત્રિવેદી (પત્ની)

કિરણકુમાર કાન્તિલાલ ત્રિવેદી (પુત્ર) મો. ૯૭૨૫૬૮૨૦૯૮
વૈશાલી કિરણકુમાર ત્રિવેદી (પુત્રવધુ)
રૂદ્રેશ કિરણકુમાર ત્રિવેદી (પૌત્ર) મો. ૭૦૪૩૩૫૧૯૪૬
છાયા કાન્તિલાલ ત્રિવેદી (પુત્રી) (એડવોકેટ એન્ડ નોટરી) (ભાજપ) મો. ૯૭૨૪૩૧૭૩૫૮
પ્રશાંતકુમાર રમણલાલ ત્રિવેદી(જમાઈ) મો. ૯૩૭૭૬૯૬૫૨૬
યોગીતા પ્રશાંતકુમાર ત્રિવેદી (પુત્રી) મો. ૯૩૭૭૬૯૬૫૨૫

મોક્ષા, કાવ્યા, અંશુલ, શિવાંગ (ભાણેજ)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com